કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૪

જાન્યુઆરી-૨૦૨૨



## ધનુર્માસ ધૂનની પ્રણાલીકાનું કેન્દ્રબિન્દુ... શ્રી નરનારાયણ દેવ-અમદાવાદ


પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



પર્વ વિજય સ્તંભ સ્થાપન વિધિ



પર્વ ગ્રાઉન્ડ પર સ્વહસ્તે વૃક્ષારોપણ કરતાં પ.પૂ.ગાદીવાળાશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
www.swaminarayanmuseum.in



શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી



તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in



લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૫ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૭૪ ● જાન્યુઆરી-૨૦૨૨


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી,<br>પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,<br>અમદાવાદની મુખ્ય વિશેષતાઓ | ૦૬ |
| ૦૪. | પર્વની સાથે સાથે | ૦૯ |
| ૦૫. | શ્રીહરિના ૭માં અને ૮માં વંશજના મુખેથી અમૃતવચનો | ૧૦ |
| ૦૬. | ચૌદમું રતન | ૧૨ |
| ૦૭. | જમીયતપુરા | ૧૩ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૯. | ભક્તિસુધા | ૧૫ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૧૭ |


# અસ્મદીયમ્

ઉત્તરાયણના સૂર્યપ્રવેશ પ્રસંગે વર્ષોથી આપણી પવિત્ર પરંપરા ચાલી આવે છે. તે પ્રમાણેની આ વિષમ દિવસોના ઓછાયા હોવા છતાં આપણા પ્રસાદીના દિવ્ય પવિત્ર સભામંડપમાં સવારના વહેલા બ્રાહ્મમુહૂર્તમાં સંતો અને હરિભક્તોએ મોટી સંખ્યામાં ધનુર્માસની ધૂનમાં ભાગ લઈને શ્રીહરિનો રાજીપો મેળવ્યો છે. દેશ વિદેશના હરિભક્તોએ પોતાના તરફથી ધૂન નોંધાવીને પણ આ વર્ષે સૌથી વધારે સંખ્યામાં લાભ લીધો છે. ત્યારે આપણા ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દિવ્ય ચરણોમાં આપણે સૌ મળીને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ આપના પર્વ મહોત્સવને નિર્વિઘ્ન સંપન્ન કરવામાં આપની કરૂણા દૃષ્ટિ અમારા સૌ ઉપર રહે તેવી કૃપા રાખશો.

પર્વ મહોત્સવના નિમિત્તે સમગ્ર વિશ્વમાં શ્રી શિક્ષાપત્રીનો સર્વજીવહિતાવહ સંદેશનો પ્રચાર પ્રસાર થાય અને જગતના જીજ્ઞાસુ મુમુક્ષુઓને સાચી સમજણ પૂર્વકની સર્વોપરી પરમાત્માના સ્વરૂપની ઉપાસના કરીને આત્યન્તિક મહા મોક્ષરૂપી અવિનાશી એવા અક્ષરધામની પ્રાપ્તિ કરવાનો સરળ માર્ગ જે વેદો ઉપનિષદો અને શાસ્ત્રોએ પ્રસ્થાપિત કરેલ છે તેવા અર્ચિર માર્ગ ઉત્તર વિભાગનો જેનો આશ્રય પરમ ભાગવદ્‌તભક્ત ભીષ્મપિતામહે કરીને એક માસ સુધી પોતાની શરીરને બાણોની શૈયા ઉપર રાખીને દેહાધ્યાસ ટાળી નાખ્યો અને ભગવત્સ્વરૂપમાં જોડીને મોક્ષને પ્રાપ્ત કર્યો તેવી જ રીતે અનંત જીવોને આત્યન્તિક મોક્ષ મેળવવામાં આ પર્વ મહોત્સવનું સંભારણું સાર્થક થાય અને અંત સમયે તેનું સ્મરણ થઈ આવે જેથી अन्ते या मति सा गति । ના વૈદિક નિયમાનુંસાર આપના દિવ્ય અક્ષરધામની પ્રાપ્તિ થાય એજ પ્રાર્થના કરીએ છીએ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ





## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

### (ડિસેમ્બર-૨૦૨૧)

૧૨ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં આયોજીત વિજય સ્તંભ વિધિ પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થઈ. શ્રી નરનારાયણદેવ નગર જમીયતપુરા (હાઈવે)



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

### (ડિસેમ્બર-૨૦૨૧)

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) પાટોત્સવ-શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં આયોજીત વિજય સ્તંભ વિધિ પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થઈ.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈશ્વરપુરા (બદપુરા) ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં આયોજીત ૨૦૦ કલાકની મહામંત્ર ધૂન પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજ.) શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં આયોજીત મહામંત્ર ધૂન પ્રસંગે પધરામણી.

# વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદની મુખ્ય વિશેષતાઓ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)





(૧) ઈ.સ. ૧૮૧૮ માં બ્રિટિશ શાસન ઈષ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન અમદાવાદ શહેરમાં હતું. તત્કાલીન કલેકટરશ્રી સર એન્ડ્રોપ ભગવાન શ્રી સ્વામિનારાયણના માનવજીવનના ઉત્થાનના કાર્યો જેવા કે, સમાજ સેવા, ધર્મ-જાગૃતિ, અંધ-શ્રધ્ધા, કુરિવાજો, વ્યસન મુક્તિ વગેરે કાર્યોથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

(૨) ઈ.સ. ૧૮૧૮ ના વર્ષમાં જ અમદાવાદ ભદ્રના કિલ્લાની મુખ્ય કચેરીમાં આમંત્રિત કરીને ૧૧૧ તોપના શાહી સન્માનથી મુલાકાત કરીને સમાજ સુધારણાના હેતુથી અમદાવાદ શહેરમાં મંદિર-આશ્રમ કરવા પર્યાપ્ત માત્રામાં કાલુપુર વિસ્તારની એકસો એકરની ભૂમિનું દાન કર્યું. તે ભૂમિના દસ્તાવેજને વિલાયતની રાણી વિકટોરીયાના હસ્તાક્ષર કરાવીને ''યાવચ્ચંદ્ર દિવાકરૌ''ની અવધિ સુધીનો લેખ અર્પણ કર્યો.

(૩) સાબરમતી નદીના કિનારાની તે વિશાળ ભૂમિમાં સર્વ પ્રથમ સાધુઓને રહેવાની ધર્મશાળા બનાવીને સંતો શહેરમાં વૈદિક સનાતન ધર્મનો પ્રચાર કરવા લાગ્યા.

(૪) ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના શિષ્ય જેઓ પૂર્વાશ્રમમાં રાજસ્થાનના ભરતપુર સ્ટેટના રાજા નવલસિંહ હતા તેઓ સ્વામિનારાયણના સાધુ બન્યા. જેઓ શિલ્પ-કળા,વાસ્તુ શાસ્ત્રના પારંગત પંડિત હતા. સ્વામીના નેતૃત્વમાં સેવાભાવી ભક્તોના તન-મન-ધનના સહયોગથી પથ્થરોની ઈ.સ. ૧૮૧૮ થી ઈ.સ. ૧૮૨૨ ના ટૂંકા સમયમાં શિલ્પ શાસ્ત્રનુસાર ઘડાઈ કરી ભવ્ય-વિશાળ મંદિરનું નિર્માણ થયું. તે મંદિરની સેવામાં લોકો પોતપોતાના ગામોથી ગાડા લઈ ખાણોમાંથી પથ્થર ભરી ભરીને લાવતા. ચૂનો પિસાવતા. ઘડાઈ-જોડાઈમાં શિલ્પીઓને મદદ કરવા અસંખ્ય ભક્તોએ તનની સેવાઓ કરી. માત્ર શ્રમયજ્ઞના માધ્યમથી મંદિરનું નિર્માણ થયેલ છે. આવી સેવાના દૃશ્ય જોવા શહેરના કલેકટર શ્રી એન્ડ્રોપ વારંવાર આપતા. જે કામ સત્તા-સંપત્તિથી શક્ય ન થાય તે માત્ર નિઃસ્વાર્થ ભાવે ભગવાન સ્વામિનારાયણના સંતો-ભક્તો કરતા હતા.

(૫) ભારતમાં લાખો મંદિરોમાં ભગવાનના અવતારો-દેવો-દેવીઓના સ્વરૂપો તે તે સંપ્રદાયના જે તે પ્રર્વતકારોએ પોતાના સિધ્ધાંત - મતને અનુસાર મૂર્તિઓની સ્થાપના કરેલી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનો સંપ્રદાય શુધ્ધ રામાનુજીય વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંતનો મત ભાગવત ધર્મના આધારે પરબ્રહ્મ પરમાત્માનો આદિ સત્યયુગમાં ધર્મ-મૂર્તિના થકી જે ધર્મારણ્યક્ષેત્ર - જે સાબરમતી નદીના કિનારે

(નારાયણઘાટ)માં યુગલ સ્વરૂપે અવતાર ધારણ કર્યો હતો તે વાતને લાખો વર્ષો વીતી ગયા છે. શ્રી નરનારાયણ ભગવાન આજે પણ પ્રગટ મનુષ્ય સ્વરૂપે બદરિકાશ્રમમાં ભરતખંડના કલ્યાણને અર્થે બોરડીના વૃક્ષ તળે કઠિન તપ કરી રહ્યા છે તે નરનારાયણ ભગવાનની મૂર્તિઓ અદ્યાપિ પર્યન્ત કોઈ ધર્મ-સંપ્રદાય-પરંપરા વાળાઓએ પોતાના મંદિરમાં સ્થાપના કરી ન હતી.

શ્રીમદ્ ભાગવત - સ્કંદ પુરાણ - પદ્મપુરાણ - વરાહ પુરાણ આદિ વ્યાસજીએ કરેલા પુરાણોના આધારે ભરતખંડના મુમુક્ષુઓએ નરનારાયણની પૂજા-અવશ્ય કરવી. તેવા વચનો કહ્યા છે છતાં પણ ભરતખંડની ધાર્મિક પ્રજા ભગવાન શ્રી નરનારાયણના દર્શન-પૂજનથી વંચિત રહી જતી હતી તેવા અસંખ્ય કારણોને લક્ષમાં રાખીને ભરતખંડની તમામ ધર્મોની પ્રજાના કલ્યાણને અર્થે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ પ્રથમ મંદિરમાં શ્રી નરનારાયણ ભગવાનની યુગલ શ્યામ મૂર્તિઓ ડુંગરપુર (રાજસ્થાન)માં તૈયાર કરાવી તેમજ નરનારાયણ અવતારના જન્મદાતા જેઓએ સાબરગંગાના કિનારે ધર્મારણ્યક્ષેત્રમાં રહીને બાર હજાર વર્ષ પર્યન્ત તપ કર્યું હતું. તે પવિત્ર દંપતી ધર્મદેવ-મૂર્તિદેવીની પ્રતિમા બનાવી તથા ભગવાન શ્રી મુરલી મનોહર રાધા-કૃષ્ણની પ્રતિમા તૈયાર કરાવી પોતે સ્વહસ્તે સ્થાપના કરી.

(૬) સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર સનાતન હિન્દુ ધર્મ વૈષ્ણવી પરંપરાવાળુ ધર્મપિતા-ભક્તિમાતા સહિત શ્રી નરનારાયણ ભગવાનની સર્વ પ્રથમ મંદિરની સ્થાપના ભગવાનના વરદ્ હસ્તે વિ.સં. ૧૮૭૮ ફાગણ સુદી-૩ અર્થાત્ ઈ.સ. ૧૮૨૨ તા. ૨૪ ફેબ્રુઆરીના શુભ મંગળ દિવસે તત્કાલીન અંગ્રેજ કલેકટર સર જાસ્કીનની ઉપસ્થિતિમાં સંપૂર્ણ રાજાશાહી સન્માન સાથે ચાર વેદના ૧૦૮ ભૂદેવોના પુરોહિત પદે અમદાવાદ શહેરના સાધુ-સંતો-નગરપતિઓ-પદાધિકારીઓ-શાસ્ત્રીઓ-પુરાણીઓ તેમજ સંતો-હરિભક્તોની પાવન ઉપસ્થિતિમાં મધ્યાહ્ન અભિજીત સ્થિર નક્ષત્રમાં શ્રીનરનારાયણ ભગવાન ધર્મપિતા-ભક્તિમાતાની તથા શ્રી રાધા-કૃષ્ણ ભગવાનની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ વૈદિક મંત્રોના ધ્વનિ સહિત પ્રતિષ્ઠા કરી જય-જયકાર થયો. તે સમયે નગરજનોના હૃદયમાં અવર્ણનીય અનુભૂતિનો અનુભવ થયો. તે અવસરમાં ૨૬ ફેબ્રુઆરીના દિવસે કાંકરિયા સરોવરની પાળે શહેરના ભૂદેવો સહિત નગરજનોની શહેર ચોરાશી કરીને લોકોને મંત્રમુગ્ધ કર્યા.

(૭) ઈ.સ. ૧૮૨૨ માં મંદિરની સાથે સાથે વિશ્વમાં સર્વથી મોટું કાષ્ટ કલાકૃતિવાળું હવેલી મંદિર ભગવાન સ્વામિનારાયણના વરદ્ હસ્તે થયેલ છે. જેમાં મુખ્ય મંદિરની સાથે હવેલીના થાંભલાઓ-જરૂખાઓ-કમાનો-પૂતળીઓ-કઠેડાઓ-દ્વાર-બારીઓ-કૂંભીઓ વિગેરેમાં ભારતદેશની આઝાદીના ઈતિહાસોના પ્રસંગોને કંડારવામાં આવેલા છે. જેનો ક્યાંય જોટો ન મળે તેવી કલાકૃતિનો વારસો શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરની હવેલી-મંદિરમાં જોવા મળે છે. ભારતદેશમાં કાષ્ટ-પથ્થર-મારબલ-ઈંટો વિગેરેના લાખો મંદિરો છે. પરંતુ વિશ્વની સૌથી મોટી કાષ્ટની હવેલી - કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જ છે.

વિશ્વનું સર્વ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરને ફાગણ સુદી ત્રીજ તા. ૫-૩-૨૦૨૨ ના શુભ મંગળ દિવસે યશોગાથાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા ''પર્વ'' મહોત્સવના નામથી દ્વિશતાબ્દી જયંતી ઉજવાય રહ્યો છે. જો કે આખું વર્ષ 'પર્વ' વર્ષ તરીકે કરોડો અનુયાયી ભક્તોએ પોતાની શ્રધ્ધા ભક્તિને જુદાં-જુદાં કાર્યક્રમો-ધાર્મિક-સામાજીક-આયોજનો વડે વ્યક્તિગત રીતે તથા ઘર-મંડળ-મંદિર-નગરના સંગઠનોથી દેશ-વિદેશમાં રહેલા શ્રધ્ધાળુઓ યાદગાર વર્ષને જીવનના સંભારણાની જેમ મનાવી રહ્યા છે. વર્ષ પર્યન્ત થયેલા અનુષ્ઠાન-સત્કર્મ-પવિત્ર વિચારો-જન સેવાના કાર્યોના સંસ્મરણોને આદાન-પ્રદાન કરવાના હેતુથી તા. ૨૭-૨-૨૦૨૨ થી ૫-૩-૨૦૨૨ પર્યન્ત અડાલજ વિસ્તારમાં આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સંસ્થાપિત શ્રી પ્રભા હનુમાનજીના સાનિધ્યમાં વિશાળ ૧૨૫ વિઘાના પટાંગણમાં સંતો-સત્સંગીઓ ભેગા મળી 'પર્વ' મહોત્સવ માણશે.

આ સપ્તાહ સમયમાં વર્ષથી આરંભાયેલા જપ - તપ - ભજન - પૂજા - પાઠ - પૂરશ્ચરણ - કીર્તન - હોમ - હવન - સ્તોત્ર પાઠ વિગેરે અનુષ્ઠાનના ઉપાસકોના સન્માન થશે.

માણસ - માણસમાં પરસ્પર સ્નેહ-પ્રેમ-આદર વધે તેવી પ્રેરણા લેવાની તક મળશે. આ મહોત્સવમાં વર્તમાન સમયની અતિ જરૂરી વાતો - ઉપદેશથી લોકોને ઓડિયો - વિડિયોના માધ્યમથી સજાગ કરવાના પ્રયત્નો થશે. પરસ્પર સંયુક્ત કુટુંબ ભાવના - સદાચાર-વ્યસનમુક્તિ સહિત યુવાનોને સામે પડકાર જેવા કે, સોશિયલ મીડિયાના કેટલાક ગેરલાભ તથા અસામાજીક પ્રવૃત્તિઓ - ડ્રગ્સ જેવા કેફી પદાર્થો - રાષ્ટ્રવાદના ઘાતક પરિબળોથી બચવાના પ્રયત્નો કરીને સંસ્કારી યુવાનો મિત્રતાના સંબંધથી અવગત કરાવાશે તથા આ મહોત્સવમાં નાના-મોટા ગરીબ-તવંગર તમામ લોકો ભેદભાવ વગર સાથે ભજન કરશે અને ભોજન કરશે.

એકસો પચ્ચીસ વિઘામાં આવેલ નરનારાયણ નગર પરિસરમાં દરરોજ એક થી બે લાખ લોકો લાભ લેશે. તેમાં પ્રવેશ માટે કે ભોજન માટે કોઈની પાસેથી કોઈપણ નિમિત્ત ચાર્જ કે ટિકિટ લેવામાં આવશે નહિ. તેમજ તેની ધર્મ-જાતિ-વર્ણ પૂછવામાં આવશે નહિ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી બસો વર્ષ પહેલા ભરતખંડના રાજા ભગવાન શ્રી નરનારાયણદેવની સ્થાપના કરી તેના બસો વર્ષ એટલે કે ૭૩૦૦૦ દિવસો, ૨૪૦૦ મહિના થયાથી જે ભગવાનની સાર સંભાળ-સેવાપૂજા-થાળ-રસોઈ-આરતી-વંદના-સાફ-સફાઈ-દાન-ભેટ-વસ્ત્ર-વાઘા-ઉત્સવ-સમૈયા-રક્ષા-સુરક્ષા મંદિર અને કાષ્ટની હવેલી મંદિરને યથાસ્થિતિ જાળવી રાખનાર - અનેક વિધ સેવાઓ આપનાર - આચાર્યો - સંતો - હરિભક્તો - ધર્મપ્રેમી જનતાના તેમજ મંદિર માટે કુરબાની આપનાર - પક્ષ રાખનાર - વફાદારી રાખનાર - વારસાને જાળવી રાખનાર દરેક મુક્ત સમાન ભક્તોના ગુણાનુવાદ ગાવામાં આવશે.

વિશ્વની સૌથી વિશાળ કાષ્ટની હવેલી-મંદિરમાંની કલાકૃતિ - નકશી ડિઝાઈન - ઈતિહાસ - આપણી ભારતીય સંસ્કૃતિની ધરોહર - વિરાસતનો ખજાનો ભાવિ પેઢીને સંશોધન હેતુથી મહોત્સવના પરિસરમાં આધુનિક ટેકનોલોજી વડે તેના દશ્યોને દર્શાવવામાં આવશે તથા ભારત દેશની એક માત્ર હેરીટેઝ સીટી અમદાવાદ શહેરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર થી ''હેરીટેઝ વોક'' પ્રારંભ થતો હોવાથી નિત્ય અસંખ્ય પર્યટકો આ મંદિરનો લાભ લઈ રહ્યા છે તેમાં જોડાવાની પ્રેરણા મળશે. અને વધુને વધુ પર્યટકો અમદાવાદ શહેરમાં આવવા માટે આકર્ષણ વધશે.

ઈ.સ. ૧૮૨૨માં ભગવાન શ્રી સ્વામિનારાયણે કાલુપુરમાં શ્રી નરનારાયણદેવ સ્થાપિત કર્યા. ત્યાર પછી ઈ.સ. ૧૮૨૬ માં મંદિરની સંપૂર્ણ જવાબદારી પોતાના અનુગામી પુત્ર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને સોંપી. તેઓએ સંસ્કૃત પાઠશાળા, ગૌ-શાળા, ધર્મશાળા, યજ્ઞશાળા, ભોજનશાળા વગેરેનો પ્રારંભ કર્યો. અને ૪૨ વર્ષ સુધી ગાદી ઉપર આચાર્ય પદે રહ્યા. ત્યાર પછી અનુગામી પુત્ર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી ૨૨ વર્ષ રહ્યા. તેમના અનુગામી પુત્ર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી ૧૨ વર્ષ રહ્યા. તેમના અનુગામી પુત્ર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી ૩૫ વર્ષ રહ્યા. તેમના અનુગામી પુત્ર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ૩૨ વર્ષ રહ્યા. તેમના અનુગામી પુત્ર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ૩૫ વર્ષ રહ્યા. તેમના અનુગામી પુત્ર વર્તમાન સમયમાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આચાર્ય પદે બિરાજમાન છે. તેમના અનુગામી પુત્ર પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી લાલજી પદે રહી ''પર્વ'' મહોત્સવના અધ્યક્ષપદે રહીને સંપૂર્ણ આયોજનનું નેતૃત્વ સંભાળી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિશ્વની અજોડ પરંપરા છે. જેમાં મહિલા અનુયાયી વર્ગ માટે ગુરુ પદે જે આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની હોય તે સમગ્ર સ્ત્રી સમુદાયના ગુરુ સ્થાને રહીને દીક્ષા-ગુરુમંત્ર-ઉપદેશ વડે ધર્મનું રક્ષણ-પોષણ કરે છે. આજના યુગમાં નારી સ્વાતંત્ર્યની સમાન હક્ક જેવી માંગ સામે આવે છે તે આજથી બસો વર્ષ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્ત્રીઓને ધર્મ સ્વાતંત્ર્ય - પુરુષની બરાબર આધ્યાત્મિક અધિકારો આપ્યા. વર્તમાન સમયમાં આવી અદ્વિતીય વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મૂળ સંપ્રદાયમાં જ રહેલી છે.

# પર્વ ની સાથે સાથે

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

''પર્વ'' મહોત્સવ હવે તો અમદાવાદને આંગણે આવીને ઉભો છે અને કાળુપુર મંદિરના મસમોટા દરવાજાના કડા ઉપર દસ્તક દઈ રહ્યો છે !

શ્રી સ્વામિનારાયણ મૂળભૂત સંપ્રદાયના અને વિશ્વભરના સર્વ પ્રથમ એવા શ્રી નરનારાયણ ભગવાનને આજથી ૨૦૦ વર્ષ પૂર્વે અમદાવાદ મધ્યે શ્રીહરિએ સ્વયં પધરાવેલા અને ગર્ભગૃહના ઉંબરે ઉભા રહી પોતાનું સમગ્ર દૈવત, તેજ અને સામર્થ્ય એ યુગ્મમૂર્તિઓમાં પ્રસ્થાપિત કર્યું પછી આ પ્રમાણે અમૃતવચનો બોલ્યા.

''શ્રી નરનારાયણદેવ અને અમારી મૂર્તિ એ બન્નેમાં તસુ માત્ર કે રતિભાર પણ ભેદ નથી એ તો અમે સ્વયં જ છીએ. હિમાલયના નિવાસીએ આ શહેરમાં આવીને નિવાસ કર્યો છે ! તેઓ તો અપાર સુખના રાશી છે - નૈષ્ઠિક વ્રત તેમને અતિ પ્રિય છે. તેમને ભાવે કરીને ભોજન, વસ્ત્રાભૂષણ, વૃક્ષ, ગામ, ભેંશ, બળદ, ફળ, પુષ્પના હાર વિગેરે જે જે પદાર્થ આપશે તેને એક એકનું અપાર ફળ મળશે. તેમને તો કોઈ પદાર્થ જોઈતું નથી. સર્વને સર્વ પદાર્થના આપનારા તે જ છે. બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જેટલા પદાર્થ માત્ર છે તે દરેક આ નરનારાયણદેવ આપે છે. તેમનાં અપાર નામ છે, પોતે એક છે છતાં અનંતરૂપે રહ્યાં છે... આટલું કહ્યાં પછી પોતાના બેય હાથ દરેક મૂર્તિઓ ઉપર સર્વત્ર ફેરવ્યા અને કહ્યું કે હવે ભરતખંડના જનોને નરનારાયણદેવનાં દર્શન સુગમ થયાં છે.''

પર્વ એ પવિત્ર છે અને પાવનકારી પણ છે. કેમ કે ઉદ્દેશ્ય અતિ સમર્થ છે. પર્વ એ કારણ છે તો એની પ્રાપ્તિ વિશાળ વડ જેવી છે - અર્થાત્ પર્વ નિહાળનાર ને તન, મન, ધનથી સેવા કરનારને - સર્વ ને અવશ્ય સુખદાયી નિવડશે. એક બળદમાત્ર જો સંતોની રસોઈ અર્થે ગાડે જોડાયા હોય અને શ્રીહરિ તેને અક્ષરધામની પ્રાપ્તિ કરાવી શકતા હોય તો આપણે તો શ્રીહરિનાં પોતાનાં છીએ. એમનાં જ મહોત્સવમાં તન, મન, ધન જે કાંઈ બની શકે એ પ્રમાણેના સેવા યજ્ઞમાં જોડાઈએ પછી એની ફળ પ્રાપ્તિ પણ એવી સામર્થ્યે યુક્ત જ હોય ને ? સ્વયં શ્રીહરિએ જ પોતે પધરાવેલાં સ્વરૂપોના મૂર્તિ પ્રતિષ્ઠાન પ્રસંગને વર્ષો વર્ષ ઉજવવો જ એવી આજ્ઞા કરેલી છે. વળી આપણો પર્વોત્સવ એ સામાન્ય પર્વ નથી - ભરતખંડ અને સમગ્ર બ્રહ્માંડનાં રાજાધિરાજ એવા શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પ્રાગટ્ય દિનનો આ મહોત્સવ છે એક સમ્રાટ ને છાજે એવી રીતે એને ઉજવવો જ રહ્યો ! એમાં કાંઈ નાણાંનો વ્યય કે એના પ્રદર્શનનો હેતુ લેશ માત્ર નથી.

ક્યારેક લાખું રૂપિયાની સામગ્રીએ કરીને ઉત્સવ કરીએ કે ક્યારકે તુલસી પત્ર મૂકીને ઉત્સવ ઉજવાય પણ સ્હેજે ઉત્સવ થાય એ અગત્યનું છે. આજે આપણે શ્રી નરનારાયણ ભગવાનના પ્રતાપે કરીને સુખિયા છીએ અને સુખેથી હરિભજન કરી રહ્યાં છીએ.

આવો આપણે સૌ પર્વ રૂપે ઉજવાતા આ ૨૦૦ માં પ્રાગટ્ય મહોત્સવમાં ઉત્સાહ પૂર્વક જોડાઈને શ્રી નરનારાયણ ભગવાનની એ કામણગારી મનભાવન મૂર્તિઓનાં દેદિપ્યમાન ઈતિહાસને સંભારતા રહીને ભરતખંડના રાજાધિરાજ એ ભવ્ય સ્વરૂપમાં મનને પરોવાયેલું રાખી પર્વ ને જીવંત બનાવી દઈએ.

(૧) ''આપણે તો સર્વ શ્રી નરનારાયણદેવ તેના નિશ્ચયવાળાં છીએ તેથી ઉત્તમ જ છીએ. એમાં કાંઈ સંશય નથી.''

(૨) ''માટે વિશ્વાસ રાખીને, પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું મોટું કોઈ સાધન નથી.'' (કા. ૧ ૨)

પર્વ ઉજવીને આપણે શ્રી પુરુષોત્તમ નારાયણની જ વાત સાંભળી રહ્યાં છીએ.

**શ્રી નરનારાયણદેવની ધજાના યજમાન**

**રૂા. ૧૧,૦૦૦/- અ.નિ.પ.ભ. વાલજીભાઈ કલ્યાણભાઈ વેકરીયા - હ. રામબાઈ, સુત અવનીશ (કચ્છ-ભુજ)**

# શ્રીહરિના ૭ માં અને ૮ માં વંશજના મુખેથી અમૃતવચનો



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**પર્વ વિજય સ્તંભ સ્થાપન વિધિ પ્રસંગે તા. ૧૨-૧૨-૨૦૨૧**

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** આજથી પર્વની શરૂઆત થઈ ગઈ છે. હવે જે દિવસો બાકી છે તેમાં સભામંડપ, રસોડું, ઉતારા, યજ્ઞશાળા વગેરે તૈયાર થશે. ગામોગામથી તથા વિદેશથી પણ હરિભક્તો આવ્યા છો તથા સંતોની પણ મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જોઈને ખૂબ આનંદ થાય છે. **નરનારાયણ દેવ આપણું ગૌરવ છે. શ્વાસોશ્વાસના આપણે નરનારાયણદેવના ઋણી છીએ. શ્રી નરનારાયણદેવને મહારાજે બાથમાં લઈને પધરાવ્યા પછી ઉંબરા ઉપર ઉભા રહીને મહારાજે નરનારાયણદેવનો મહિમા ગાયો છે. મહારાજનું વચન છે કે અમારામાં અને શ્રી નરનારાયણદેવમાં કોઈ ફરક માનશો નહિ. જેનાથી મહારાજનું આ વચન ન મનાતું હોય તે તો વિમખ બરાબર છે. કારણ કે મહારાજની આજ્ઞાનું-વચનનું ઉલ્લંઘન કરે એ તો મહારાજે કરેલી વ્યાખ્યામાં જ સંપ્રદાયથી વિમુખ ઠરે છે.** નરનારાયણદેવનો મહિમા જેટલો ગાઈએ તેટલો ઓછો છે. તે દેવને ૨૦૦ વર્ષ પૂરા થાય છે એ કોઈ નાની વસ્તુ નથી. ખૂબ મોટો આ પ્રસંગ છે. આગળ બેઠેલા યજમાનોએ તો આ પ્રસંગનો દિવ્ય લાભ લીધો જ છે. માત્ર આર્થિક જ નહી પરંતુ સ્વયં સેવકો-યુવાનો વગેરે જેઓએ પણ આ પ્રસંગે નાનામાં નાની સેવા પછી તે ગ્રાઉન્ડના કોઈ ખૂણામાં સાફ સફાઈની હોય કે રસોડાની સેવા કરી હોય તેઓ સૌ કોઈ ખૂબ જ ધન્યવાદને પાત્ર છે. કારણ કે ગુજરાતીમાં એક કહેવત છે ને કે ટીપે ટીપે સરોવર ભરાય એ ન્યાયે બધી સેવા ભેગી થઈને આવા મોટા પ્રસંગો સંપન્ન થતા હોય છે. હજુ પણ આપણે ઉત્સવ સુધીમાં લગન અને નિષ્ઠાથી ખંતપૂર્વક મહેનત-પરિશ્રમ કરીને ભૂતકાળમાં ક્યાંય ન થયો હોય અને ભવિષ્યમાં ક્યાંય ન થાય તેવો દિવ્ય અને ભવ્ય આ પ્રસંગને બનાવવાનો છે. નરનારાયણદેવના આ ઉત્સવને આપણે સૌએ પોતાનો માનીને ભેગા મળી ખૂબ આનંદપૂર્વક માણવાનો છે. આપ સૌના પરિવારમાં દિવસે ને દિવસે સત્સંગ કરવાનું બળ વધતું રહે તથા નરનારાયણદેવ પરત્વેની નિષ્ઠા વધતી રહે તેવી આજના પવિત્ર પ્રસંગે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી :** મહારાજે આપણને આ દેવ આપ્યા છે દેવ સાથે છેડો જોડેલો હોવો જોઈએ. મહારાજે શિક્ષાપત્રી પણ આપણને આપી છે. અને તેમાં લખ્યું છે કે,

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।

सदाचारन् सदा तेऽत्र परत्र च महासुखाः ॥

મહારાજે કેહલા સદાચારને જે મનુષ્ય પાળે છે તેઓ આ લોક અને પરલોકમાં સુખિયા નહિ, મહાસુખિયા થાય છે. આ ભૂમિ ઉપર રક્ષણ કરવાની જવાબદારી મહારાજની છે જ પરંતુ આપણા બધાનું સદાય રક્ષણ કરવાની જવાબદારી મહારાજે લીધેલી છે. **મહારાજે જે કીધું છે તેનું પાલન જેઓ કરશે તેઓને મહારાજ મહાસુખિયા કરવાના છે. જેને મહારાજ કહે તેમ ન કરવું હોય તેને માટે દેશી ભાષમાં કહીએ તો એ જાણે અને એનું કામ જાણે. એવા લોકો માટે મહારાજે બહુ વજનદાર શબ્દો મૂક્યા છે કે અમારે અને એને કોઈ લેવા દેવા નથી.**

**ઉત્સવ ઘણા આવે છે પણ પર્વ એક જ આવે છે.** મને નથી ખબર કે આપણા જીવનમાં ફરી આવો મહોત્સવ ક્યારે આવવાનો છે ? એટલે મારી એક જ

વિનંતી છે કે પર્વને માણજો. ઓશિયાળા થઈને બેસવાનું નથી. **આવા ભગવાન મળ્યા છે તેના આનંદને માણવાનો હોય અને એને જ પર્વ કહેવાય.** લાંબુ લાંબુ લખાય પરંતુ એનું વજન પડતું નથી. પર્વના બે જ અક્ષરમાં બધું આવી જાય છે. માટે એક જ શબ્દમાં લખ્યું છે. **મહારાજ આપણી ભેળા છે, રહેવાના છે, હંમેશા રહ્યા છે અને હંમેશને માટે રહેશે. જ્યાં સુધી એ ઉંબરો આપણે મૂકીશું નહી ત્યાં સુધી.** ભારે શબ્દોને હળવા શબ્દોમાં કહેવું હોય તો અડસઠ તીરથ ચરણે, કોટિ ગયા કાશી.... આરતીના માધ્યમથી આ કડી આપણે રોજ ગાઈએ છીએ. બહુ વિચાર કરવા જેવું છે. એટલા માટે કે જે મુક્તાનંદ સ્વામીએ શરૂઆતમાં વિરોધ કર્યો કે ગઈ કાલે આવેલા આ છોકરાને ગુરુએ ગાદીએ બેસાડી દીધો અને સમાધિ પ્રકરણથી સત્સંગની નામોશી શરૂ કરી છે. પરંતુ **જ્યારે સાચું સમજાયું ત્યારે એ મુક્તાનંદ સ્વામીએ મહારાજની આરતી ઉતારી. આ બાબત ઘણું કહી જાય છે.** પછી તો તેનું વિશ્લેષણ પણ ઘણા નંદ સંતોએ લખેલું છે કે **શીદને ભટકો છો મત પંથમાં રે લોલ.... એવું ઘણું બધું લખાયું છે. આપણને જે મળ્યું છે એ અન્યત્ર ક્યાંય મળવાનું નથી. આ પર્વ મહોત્સવ આપણા જીવનમાં ક્યારેય આવ્યો નથી અને હું માનતો નથી કે ફરી આવે !** માટે મર્યાદાપૂર્વક અને ખૂબ આનંદ ઉમંગ સાથે પર્વને માણજો. **ભગવાન મળ્યાનું સુખ આપણે માણવાનું છે.** દુઃખી ન થશો કે ગંભીર ન થશો. રીલેક્ષ રહો. હસતા રહો. ખોળિયું રહે ત્યાં સુધી ભગવાન મળ્યાનું સુખ માણો.

આપ સૌ હરિભક્તોએ ભાઈઓ-બહેનો સૌએ જે તન, મન, ધનથી સેવા કરી છે એ બદલ અનેકાનેક ધન્યવાદ. તમારી સેવા અમારા ચોપડે નહી ભગવાનના ચોપડે ચડે છે. અને આપણે ભગવાનને જ રાજી કરવાના છે. **ભગવાન રાજી થાય તો બધું જ મળે છે. ખાલી લક્ષ્મીજીને પકડીએ અને નારાયણને મૂકી દઈએ તો લક્ષ્મીજી પણ જતા રહે.** હવે આપણે વારે વારે મળવાનું થશે. આ દેવ, આ આપણો પરિવાર કોઈની પાસે નથી અને પ્રાપ્ત થવાનો નથી તેનો ગર્વ અને ગુમાન હમેંશ રાખજો.

શાકોત્સવનો સમય થઈ ગયો છે. રોટલા તો દરેકને ઘેર મળે છે. પરંતુ આ પ્રસાદનો વિશેષ મહિમા છે. માટે બગાડ કર્યા વિના પ્રેમથી દેવનો પ્રસાદ ખૂબ જમજો.


**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં**
**શ્રી નરનારાયણદેવ આદિ દેવોના**
**થાળ-રસોઈની યાદી**

| **વિગત** | **થાળ** | **રસોઈ** |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| માલપુવા | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| જલેબી | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| રસપુરી | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૩,૦૦૦/- | |

**કાયમી અનામત થાળ** **રૂા. ૧૦,૦૦૦/-**
**કાયમી અનામત થાળ (સાંજના)** **રૂા. ૫,૦૦૧/-**
**ઠાકોરજીના સાંજના થાળના રૂા. ૫૦૦/-**

**Mo. : 8238001666**

શ્રી સ્વામિનારાયણ

# ચૌદમું રતન

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક

એક વખત શ્રીજી મહારાજ કચ્છ દેશમાં માનકૂવા પધાર્યા હતા. ત્યાં એક સુથારને ઘેર ઊતર્યા હતા. સુથારનો એક દીકરો નામે નાથો હતો. નાથાની મા એ થાળ કરી મહારાજને જમાડ્યા. જમી રહ્યા પછી નાથાની મા એ મહારાજને વાત કરી મારો છોકરો આ નાથીયો એવી ખરાબ ગાળો આપે છે કે પાડોશીઓ પણ એનાથી કંટાળી ગયા છે. તમે એને લઈ જાઓ અને સુધારો. મારે આવો છોકરો નથી જોતો. આવા દીકરા હોય તો યે શું ને ન હોય તો યે શું?

શ્રીજી મહારાજે નાથાને કહ્યું, ચાલ મારી સાથે તને મજા આવશે. નાથો મહારાજની સાથે ચાલતો થયો. શ્રીજી મહારાજ માણકી ઉપર સવાર થયા. ત્યારે નાથો બોલ્યો તમે ઘોડી પર બેસો અને હું ચાલતો આવું એ કેમ બને ? શ્રીહરિ માણકી ઉપરથી ઉતરી ગયા. નાથાને કહ્યું, આપણે બેય ચાલતા જઈએ બસ!

ચાલતાં ચાલતાં નાથાએ કહ્યું કે મારી મા કહેતી હોય છે કે સ્વામિનારાયણ ભગવાન છે તે તમારું નામ સ્વામિનારાયણ છે ? શ્રીહરિએ કહ્યું લોકોએ અમારું નામ સ્વામિનારાયણ પાડ્યું છે. નાથે પૂછ્યું તે તમે ભગવાન છો? શ્રીહરિ કહે અમે ભગવાન નથી અમે ભગવાનના ભક્ત છીએ. નાથો કહે હું વિચાર કરું છું કે તમે ભગવાન હો એવું લાગતું નથી. નાથો કહે મારી મા તમને ભગવાન માને છે. ઘણીવાર મહારાજ પણ કહે છે. તે મહારાજ એટલે શું ? શ્રીજી મહારાજ કહે અમે બ્રાહ્મણ છીએ. બ્રાહ્મણને લોકો મહારાજ કહેતા હોય છે.

આમ વાતો કરતા કરતા બંગડી ગામ આવ્યું. ગામને પાદર તલાવડીને કાંઠે સતીમાની દેરી છે તે જોઈને શ્રીહરિએ કહ્યું. અહીં થોડી વાર બેસીએ થાકી ગયા છીએ. તું માણકીને લઈ તલાવડીમાં પાણી પાવા લઈજા. નાથો ઘોડીને લઈ પાણી પાવા લઈ ગયો. પાણીમાં જરાક આઘા ગયા તો એક મોટો ખાડો આવ્યો. નાથો અને માણકી બંને ડૂબવા લાગ્યા. નાથો બૂમો પાડવા લાગ્યો. દોડજો મહારાજ હું ડૂબી ગયો. ઝટ આવો. ઝટ આવો. મહારાજે આ જોયું તેમણે બેઠા બેઠા જ પોતાનો હાથ લાંબો કરી બંનેને બહાર કાઢ્યા. મહારાજે હાથ લાંબો કર્યો તે નાથાએ નજરો નજર જોયું. નાથો બોલ્યો મહારાજ ! તમે હતા તો અમને બચાવ્યા.

થોડીવાર સ્વસ્થ થયા પછી નાથાએ કહ્યું મહારાજ, સાંભળો એક વાત કહું. મેં રામચંદરજી ભગવાનની કથા એકવાર સાંભળી છે. કથામાં એવું આવ્યું કે રામચંદરજી ભગવાન હાથમાં રોટલો લઈ ખાતા હતા એ વખતે કાગ ભૂશંડી નામના એક રૂષિ કાગડો થઈને આવ્યા. રામચંદરજીના હાથમાંથી રોટલો પોતાની ચાંચથી ઝૂંટવી ઉડી ગયા. રામચંદરજીએ તરત પોતાનો હાથ લાંબો કરી કાગડાની ચાંચમાંથી રોટલો પડાવી લીધો. ભગવાન હોય તે જ આવો હાથ લાંબો કરી શકે કથામાં મેં આ વાત સાંભળેલી એટલે તરત તમે મને યાદ આવ્યા કે હું અને તમારી માણકી તલાવડીમાં ડૂબતા હતા ત્યારે તરત તમે હાથ લાંબા કરી અમને બચાવ્યા. હું સાચું જ માનું છું કે ભગવાન હોય તે જ પોતાના હાથ લાંબા કરી શકે. હવે તમે સાચે સાચું કહી દો કે તમે ભગવાન છો કે નહીં ? સાચું નહિ કહો તો આ માણકીની સરક મારા હાથમાં છે વાંહે બરડામાં મારી મારીને હાડકાં દુઃખાડી દઈશ. શ્રીજી મહારાજ કહે છે નાથા ! અમને મારીશ નહિ. અમે ભગવાન છીએ.

નાથો બોલ્યો, મારવાની બીકે હવે કેવું કબુલ કર્યું કે અમે ભગવાન છીએ. માર તો ચૌદમું રતન છે. પછી શ્રીજી મહારાજે નાથાને કહ્યું કે તું હવે તારી મા પાસે જા. ડોશી તને યાદ કરતી હશે. નાથાએ કહ્યું, ના મહારાજ મારે એની પાસે નથી જાવું. આમેય હું તેને ક્યાં ગમતો હતો ? મારે તો હવે તમારી સેવા કરી જીંદગી પસાર કરવી છે.

અમદાવાદ શહેર નજીક શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# જમીયતપુરા



- અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૩૭ મિનિટ
- અમદાવાદ એરપોર્ટ થી ૨૩ મિનિટ



- સંકલન : પ્રફુલ ખરસાણી



**જમીયતપુરા મંદિર :-** અમદાવાદથી કલોલ જતી એસ.ટી. બસ દ્વારા આ ગામમાં જવાય છે. આ ગામ તા. જી. ગાંધીનગરમાં આવેલ છે. અત્યંત પ્રસિધ્ધ એવી વાવ અડાલજની તે અડાલજ ગામની બાજુમાં જ આ ગામ આવેલું છે.


અહીં હરિમંદિર છે. મંદિરમાં સહજાનંદ સ્વામીની પટમૂર્તિ પધરાવેલી છે. મંદિર દક્ષિણાદા બારનું છે. અહીં ગામથી પૂર્વમાં હાઈવે ઉપર પ્રભાતળાવડી તેમજ કૂવી અને જે રાયણના વૃક્ષ નીચે શ્રીહરિ સંતો-હરિભક્તો સહિત વિરાજેલા તે જગ્યાએ હાલમાં વૃક્ષ નથી પણ ત્યાં છત્રી બનાવી શ્રીહરિનાં ચરણારવિંદ પધરાવેલાં છે. તે બધી જગ્યાઓ પ્રસાદીની છે. તેમજ તે છત્રીમાં શ્રીહરિના ચરણાંરવિંદની બાજુમાં હનુમાનજી પધરાવેલા છે. શ્રીહરિ મહાપ્રભુ આદરજ તેમજ ઓળા ગામે જતાં આવતાં આ ગામે ઘણીવાર પધારેલા છે. શ્રીહરિએ આ ગામની પ્રભાતળાવડીમાં સ્નાન કરી રાયણના વૃક્ષ નીચે સભા કરી હતી તે પ્રસંગ ''શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર'' ના ઉ. તરંગ ૭૬માં નીચે પ્રમાણે વર્ણવેલ છે.

**ચાલ્યા આદરજથી ધારી ઉર, વચ્ચે આવ્યું છે જમેતપુર ॥**
**તે ગામ તણી સીમ મોજાર, પ્રભા તલાવ નિરધાર ॥૫॥**
**તેમાં સ્નાન કર્યું નરવીરે, સંત સહિત શામ શરીરે ॥**
**ત્યાં છે રાયણનું એક વૃક્ષ, તેને નીચે વિરાજ્યા પ્રત્યેક્ષ ॥૬॥**

આ પ્રમાણે શ્રીહરિ મહાપ્રભુ પોતાના સંતો-પાર્ષદો તેમજ કાઠી અસ્વારો સહિત જમીયતપુરા પધારેલા છે અને પોતાના આશ્રિત એવા જમીયતપુરાના ભક્તજનોના મનોરથો પૂર્ણ કરી તથા જ્ઞાનોપદેશ કરી ધર્મ પ્રત્યે વાળી અક્ષરધામનું અવર્ણનીય સુખ તે ભક્તોને શ્રીહરિએ આપ્યું છે. આમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ગામની ભૂમિને પણ ખૂબ ખૂબ પુનિત કરી છે. હાલમાં આ ગામનો સત્સંગ ઘણો સારો છે તેમજ આ ગામ સંપ્રદાયમાં ખૂબ જાણીતું છે.અને હાલમાં જ ઉજવાનાર પર્વ નું મેદાન પણ આ મંદિરની બાજુમાં જ આવેલ છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



કોઈ પણ સમાજ કે સંસ્કૃતિનો ખ્યાલ તેના કલા વારસા પરથી આવતો હોય છે. આપણા સંપ્રદાયની ચિત્રકળાની શૈલી સૌથી ભિન્ન પ્રકારની છે. તેમાંથી પ્રેરણા લઈ કેટલાય ચિત્રકારોએ પોતાની કારકિર્દી બનાવી છે. ઉપરોક્ત ચિત્ર અમદાવાદ, કાલુપુર મંદિરમાં શ્રી નરનારાયણદેવ સમક્ષ ફુલદોલ ઉત્સવમાં રંગે રમ્યા બાદ કાંકરિયા સરોવરમાં સ્નાન કરી સંતો પાર્ષદો સહિત હાથીની સવારી પર પાછા વળતા શ્રીજી મહારાજનું છે. અમદાવાદ મંદિરનાં રંગમહોલમાં લગાવેલ આ ચિત્રો હાલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નંબર ૮નાં ઉપરના માળે પ્રદર્શિત કરાયા છે.

- પ્રફુલ ખરસાણી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી - ડિસેમ્બર-૨૦૨૧

| | |
|---|---|
| તા. ૦૪-૧૨-૨૦૨૧ | અ.નિ. ભારતીબેન અશોકભાઈ ઠક્કર - મેમનગર - હ. અર્ચન તથા હિરલ |
| તા. ૦૫-૧૨-૨૦૨૧ | પ.ભ. જીનલ જગદીશભાઈ પટેલ - યુ.એસ.એ. |
| તા. ૧૧-૧૨-૨૦૨૧ | અ.નિ.પ.ભ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ વતી જગત કિરીટકુમાર વાઘેલા - મણીનગર - હ. કિરીટભાઈ વાઘેલા |
| તા. ૨૨-૧૨-૨૦૨૧ | પ.ભ. મનોજકુમાર સોમાભાઈ પટેલ - ચિ. આનિષના લગ્ન નિમિત્તે - ઘાટલોડિયા |
| તા. ૨૬-૧૨-૨૦૨૧ | સાંખ્યયોગી મરઘાબા - હરિપર - ધ્રાંગધ્રા - પ્રે. સાંખ્યયોગી રાજકુંવરબા તથા ઉષાબા - મોરબી |
| તા. ૩૧-૧૨-૨૦૨૧ | પ.ભ. મહેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ શિવરામભાઈ પટેલ - રિદ્રોલવાળા - નારણપુરા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટની યાદી - ડિસેમ્બર

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ. સોની ચુનીલાલ દુર્લભજી - રાણીપ - હ. જયેન્દ્રકુમાર સોની, ચિ. જક્ષના જન્મ દિવસ નિમિત્તે. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "તમને ભગવાન એમના ઘરમાં જગ્યા આપે એવી પાત્રતા જાળવીને રાખજો"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ક્યારેય વિચાર્યું છે કે 'સત્સંગ' કરવા માટે કેટલો પ્રયત્ન કરવો પડે છે. અને 'કુસંગ' જીવનમાં આપોઆપ આવી જાય છે. સત્સંગ કરાવજો સત્સંગી બનાવજો એવું કહેવું પડે છે. અને આ વ્યક્તિ સત્સંગી છે. તેની 'ઓળખ' માટે કેટલું બધું નક્કી કરવું પડ્યું છે. કંઠી, પૂજા, તિલક, ચાંદલો, માળા તેમ છતાં આ બધા ઉપરથી સામાન્ય ખ્યાલ આવે કે આ સત્સંગી છે. કેમ કે ? આ બધા બાહ્ય ચિન્હો છે. પરંતુ વ્યક્તિનું અંતર સત્સંગી છે કે નહિ તે કેવી રીતે ખ્યાલ આવે. **તો જે વ્યક્તિના પ્રસંગમાં આવવાથી આપણું મન બગડે બુધ્ધિ બગડે સત્સંગનો અભાવ આવે. સત્સંગ કરવાથી કે સત્કાર્યો કરવાથી ઉદાસીન થઈ જઈએ. આવું બધું થાય ત્યારે સમજી લેવાનું કે આપણા અંતર મનમાં કુસંગ ચાલું થઈ ગયો છે.** શ્રધ્ધા ઓછી થઈ જાય, શંકા સંશય આવું બધું થવા લાગે. સત્સંગ કરવાથી શું મળશે ? આવું બધું થાય એ સત્સંગમાંથી દૂર થવાની નિશાની છે. મન એવું વિચારવા લાગે કે આપણે નહિ કરીએ તો કાંઈ ફેર નહિ પડે. હું આપીશ ત્યારે જ બધાનું ચાલશે. એમ આપણા અંદર શંકા-કુશંકા થવા લાગે એ જ મન અને બુદ્ધિ બગડવાનું કારણ છે. આવું બધું થાય ત્યારે જાગૃત થઈ જવાનું અને એવા લોકોથી સાવચેત રહેવાનું. **આપણો સત્સંગ એમનામાં જવો જોઈએ. એમનો કુસંગ આપણામાં ન આવવો જોઈએ.** અને એ બધા આપણી આસપાસના જ લોકો હોય છે. અજાણ્યા લોકો આપણી સાથે તર્ક વિતર્ક નહિ કરે. દીકરા, દીકરી, સાસુ, વહુ બધા ઘરના જ લોકો હોય છે. આડોશ, પાડોશ અને નજીકના સગા-સંબંધી હોય છે એ જ આપણા દોષ જુએ છે. ભણેલા-ગણેલા સમજુ લોકો હોય તો પણ આવું થાય છે. અને એ લોકો આપણાથી સંબંધ ઓછો કરવા લાગે છે. ત્યારે આપણને દુ:ખ થાય છે. ઉદ્‌વેગ થાય છે. આવી રીતે આપણી લાગણી દુભાય ત્યારે એવું વિચારવાનું કે આ બધું ભગવાન કરી રહ્યા છે. આપણી સામે વિપરીત સંજોગો ઉભા કરે છે. આપણને આ સંસારથી અનાસક્ત કરવા માટે કરે છે. આપણને આ જગતથી અલિપ્ત રાખવા માગે છે. માટે વિપરીત પરિસ્થિતિ ઉભી કરે છે. જ્યારે આવો કસોટીનો સમય આવે ત્યારે સમજી લેવાનું કે **મહારાજની મારા ઉપર બહુ મોટી 'કૃપા' છે. અને મહારાજ તમને એમના ઘેર બોલાવવા માગે છે. માટે તમારી વધારે 'પરખ' કરે છે.** આપણે બજારમાં ખરીદી કરવા જઈએ છીએ તો જે વસ્તુ ગમે છે તે ઉપાડીએ છીએ તો એ વસ્તુને કેટલી વખત તપાસીએ છીએ. દુકાનવાળાને પૂછીએ છીએ. કેમ કે ? એ વસ્તુને આપણા ઘેર લઈ જવી છે. ચાર વખત મગજમાં નક્કી કરીએ છીએ. લઉં કે ના લઉં. પછી જ લઈએ છીએ. તો એવી રીતે જ્યારે આપણી પણ વધારે કસોટી થાય ત્યારે સમજી લેવાનું કે **મારા મહારાજ એમના ઘરમાં મારા માટે જગ્યા કરી રહ્યા છે. મહારાજના ઘરમાં જગ્યા તો બધાને માટે છે. અને લેવા પણ આવે છે. પરંતુ એ જગ્યા એને જ મળે છે જે કસોટીમાંથી પાર ઉતરે છે.** સ્કૂલમાં પરીક્ષા પેપર લખીને આપવી પડે છે. પછી પાસ-નાપાસ કરે છે. એવી રીતે આ જીવનની કસોટી છે. ભગવાન જે શીખવાડીને ગયા છે એ પ્રમાણે બુદ્ધિનો ઉપયોગ કરીને કસોટીમાંથી પાર થવાનું છે. **મહારાજના વિરાટ સ્વરૂપના દર્શન કરવાની ક્ષમતા આપણી નથી. માટે મહારાજ પોતાના બધા 'ઐશ્વર્ય' છુપાવીને આપણા જેવા બનીને આ લોકમાં આવીને બધું શીખવીને ગયા છે. તો હવે તેમના કૃપાના પાત્ર બનવાનું કામ આપણું છે.** તો આપણે પ્રયત્ન પૂરો કરવાનો છે. પછી મહારાજ આપણી જોડે છે. અને

આમાંથી જે નીકળી જાય છે. જેની શ્રધ્ધા ડગી જાય છે. ભગવાનના નિયમમા નથી રહેતા અને જગતની લાલચમાં ફસાઈ જાય છે. એમાં મુખ્ય બે વસ્તુ છે. એક 'લાલચ' અને બીજુ 'બીક' **લાલચ કેવી હોય છે. તો મહારાજ કરતા બીજે વધારે સુખ મનાય છે.** અને બીજું છે બીક. તો બીક કેવી હોય છે. તો ધારો કે કોઈ દીકરી સાસરે જાય છે. પૂજા જોડે લઈને ગઈ હોય અને એ લોકો બીજા ભગવાનને ભજતા હોય તો તેને બીક લાગે છે કે હું એ લોકોના કહેવામાં નહી રહું તો મારો ઘરસંસાર બગડશે. ઘરના બધા નારાજ થઈ જશે. ઘણાં લોકો પૂજા કરવા દે છે. ઘણા લઈ લે છે. ધર્મ-નિયમ બધું છોડાવી દે છે. **તો પણ જો તમારી અંદર નિષ્ઠા સાચી હશે તો તમારું અંતર મન કોઈ નહિ લઈ શકે અને નરનારાયણદેવની એવી કૃપા છે કે બીજાનું મન બદલી જ નાખે છે. થોડી રાહ જોવી પડે છે.** અને તમે પૂજા ના કરો તો એનાથી ભગવાન નારાજ થતા નથી. એના માટે ઘરમાં ઝઘડા નહિ કરવાના અને એવું કરવું પણ ના જોઈએ. અને ઘણા કહે છે ને કે ગ્રહો નડે છે. તો **નવ ગ્રહ કરતા ભગવાનનો અનુગ્રહ મોટો છે. જેના પર ભગવાનનો અનુગ્રહ છે તેનું કોઈ કાંઈ બગાડી શકતું નથી.** નરનારાયણદેવ કરતા આપણને બીજા કોઈ વધારે સુખ આપી શકે એવી લાલચ નહિ રાખવાની. આપણે બીજા દેવનું નહિ કરીએ તો એ નારાજ થઈ જશે. આપણું અહિત થશે. એવી બીક નહિ રાખવાની. કેમ કે ? જે પ્રદેશના જે રાજા હોય એનું જ ચાલે ને ? **તો આપણે જે ભરતખંડમાં રહીએ છીએ એના રાજા નરનારાયણદેવ છે. તો કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાની આપણી ઈચ્છા એ નરનારાયણદેવ નહિ ધારે તો એ વસ્તુ આપણે નહિ મેળવી શકીએ. અને કોઈ વસ્તુ આપણા પ્રારબ્ધમાં નહિ હોય તો પણ નરનારાયણદેવ ધારે તો એ વસ્તુ મેળવતા આપણને કોઈ રોકી નહિ શકે.** માટે આશરો એક જ હોવો જોઈએ. અને કોઈપણ દેવી દેવતાનો અનાદર ક્યારેય નહિ કરવાનો. મહારાજે પણ કીધું છે કે રસ્તામાં જતા શિવાલયાદિક આવે તો દર્શન કરવા. બધા દેવોની અંદર દૈવત્વ છે. અમુક શક્તિઓ છે. ત્યારે તો દેવ બન્યા છે. **આદર બધાનો કરવાનો આશ્રય એક ઈષ્ટદેવનો રાખવાનો. આદર અને આશ્રયમાં બહુ ફેર છે. જેમ લૌકિક જગતમાં એક જ પતિ હોય છે. એવી રીતે અલૌકિક આધ્યાત્મિક જગતમાં એક જ ઈષ્ટદેવ હોય છે. માટે ગમે તેની વાતમાં આવીને પોતાના ઈષ્ટદેવ બદલવાના નહિ.** બીજા કોઈનો આશ્રય રાખવાની જરૂર નથી. નરનારાયણદેવ આપણું બધું પુરુ કરે છે. જેમ બિલાડી પોતાના દાંત વડે બચ્ચાને પકડીને લઈ જાય છે. તો જરા પણ ઈજા થવા દેતી નથી અને એ જ દાંતથી પકડીને ઉંદરને મારી નાખે છે. એવી રીતે ભગવાન જે કરકમળો દ્વારા અસુરનો નાશ કરે છે અને એજ કરકમળો દ્વારા શરણાગતની રક્ષા કરે છે. શરણાગતને સુરક્ષા મળે છે. પણ શરણાગત થવું પડે છે. કોઈ પાણીમાં ડૂબતા હોય તો હાથ પગ હલાવે બૂમ પાડે કે મને બચાવો તો કોઈ બચાવે નહિ. તો શું ખબર પડે. કોઈને એવું લાગે કે એમને ઠંડુ સારુ લાગતું હશે. એટલે આરામથી પાણીમાં પડ્યા હશે. તો સાચા શરણાગત થઈને મહારાજને પોકારવું પડે. જ્યાં સુધી પોકારશું નહિ ત્યાં સુધી મહારાજ નહિ આવે. તો શ્રધ્ધા રાખવી પડે છે. પોતાના જીવનમાં કુસંગ આવી ન જાય તેના માટે સતત જાગૃત રહેવું પડે છે. અને એ તમે બધા કરો છો. અને કરી જ લેવાના છો. તો નરનારાયણદેવ તમને બધાને એના માટે ખૂબ શક્તિ આપે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યોને સૌજન્ય**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા નારણપુરા-જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી માણસાના પ.ભ. ડૉ. અતુલભાઈ મણીભાઈ પટેલ (ખાંડવાળા) પરિવારે આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના ૨૦૦ આજીવન સભ્યો માટે (રૂા. ૨૫૦/- સભ્ય દીઠ) રૂા. ૫૦,૦૦૦/- સૌજન્ય ભેટ રૂપે આપેલ છે. ધન્ય છે આવા ભક્તોને, જેમના પિતાશ્રી પ.ભ. મણીભાઈ જીવ્યા ત્યાં સુધી આપણા સ્વામિનારાયણ માસિકના પ્રચાર પ્રસારની પ્રવૃતિમાં જોડાયેલા હતા. - તંત્રીશ્રી

# સત્સંગ સમાચાર

### પર્વનું પ્રથમ સોપાન વિજય સ્તંભ સ્થાપન વિધિ

જે પર્વની આપણે સૌ કોઈ આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છીએ તે પર્વનું પ્રથમ સોપાન એટલે વિજય સ્તંભ સ્તાપન વિધિ તા. ૧૨-૧૨-૨૧ ના રોજ વેદમંત્રોનાં ગાન સાથે મહોત્સવ સ્થળ પર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અમી દ્રષ્ટિથી સંપન્ન થઈ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ હનુમાનજીના પ્રતિકવાળા શ્વેત વિજય ધ્વજને સૌ પ્રથમ આપણા મંદિરમાં શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રસાદીના કરી, પૂજારી બ્રહ્મચારી સ્વામી તે ધ્વજ સાથે શ્રી નરનારાયણદેવના ચલ સ્વરૂપને મહોત્સવ સ્થળ પર પૂજન અર્થે લાવ્યા હતા. સ્થળ પર પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. ગાદીવાળાશ્રી તથા. પૂ. શ્રી રાજા તેમજ આ પ્રસંગના યશસ્વી યજમાન પરિવાર દ્વારા વેદોક્ત વિધિથી સંપૂર્ણ પૂજન વિધિ સંપન્ન થયો હતો. ત્યાર પછી શ્રી નરનારાયણદેવના જયઘોષ સાથે વિજય સ્તંભનું સ્થાપન થયું હતું.

પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની તથા ધર્મકુળ પરિવારની પૂજનની આરતી આ પ્રસંગના મુખ્ય યજમાન પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ શિવરામભાઈ પટેલ, સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન પ.ભ. શ્રી દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ પરિવાર તથા અન્ય ઉપસ્થિત તમામ યજમાનશ્રીઓ અને ટ્રસ્ટીઓ દ્વારા થઈ હતી. મહોત્સવના મુખ્ય યજમાન તરીકે જે રાશિ નિર્ધારિત થઈ છે તેટલી જ મોટી રકમ રૂા. ૨ કરોડ ૧૧ લાખ ધર્મકુળ પૂજનના યજમાન તરીકે અર્પણ કરવાનો સ્વપ્રેરિત સંકલ્પ એક અનામી ધર્મકુળ પ્રેમી હરિભક્તએ જણાવ્યો હતો. જેની જાહેરાત થઈ હતી. પૂ. મહંત સ્વામીના સભા સંચાલન હેઠળ સૌ સંતોના પ્રતિનિધિ સ્વરૂપે શા. સ્વામી પૂ. આત્મપ્રકાશદાસજી (નારણપુરા) તથા શા. સ્વામી પૂ. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગરે) એ પ્રાસંગિક સુંદર ઉદ્‌બોધન કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં આ પ્રસંગે ઉપસ્થિત વિશાળ સંખ્યામાં સંતો-ભક્તોએ શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) દ્વારા પર્વના ઉપલક્ષમાં સત્સંગલક્ષી પ્રવૃત્તિઓ

પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા સહ આશીર્વાદથી અને એપ્રોચ મંદિરના પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી સંપન્ન થયેલી પ્રવૃત્તિઓ. (૧) દર એકાદશીએ કાલુપુર મંદિરની પદયાત્રા નિયમિત થાય છે. (૨) તા. ૧૫-૧૧-૨૧ પ્રબોધિની એકાદશી શાકભાજીની દિવ્ય હાટડી દર્શન. (૩) તા. ૫-૧૨-૨૧ રવિવાર અમદાવાદ શહેર પ્રસાદીના સ્થળોની પદયાત્રા અંતર્ગત એપ્રોચ મંદિરથી પ્રેમ દરવાજા - દામોદર પટેલનું ઘર - કુબેરસિંહ છડીદારનું ઘર - દરિયાપુર દરવાજો - દિલ્હી દરવાજા - હઠીસિંગના દેરા - દરિયાખાન ઘુમટ - નારણપુરા ગામ હનુમાનજી - નારણપુરા મંદિર - શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ દર્શન તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન-આશીર્વાદ. (૪) તા. ૭-૧૨-૨૧ શ્રી વચનામૃત જયંતી નિમિત્તે ગ્રંથનું વેદોક્ત વિધિથી ભાવપૂજન, પુષ્પમહાભિષેક અને આરતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### પર્વ મહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ પ્રવૃત્તિ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર અક્ષરભુવનના પૂજારી શા. સ્વામી કુંજવિહારદાસજી અને સંત-પાર્ષદ મંડળ દ્વારા આપણા પર્વ મહોત્સવના ઉપલક્ષમાં થયેલ પ્રવૃતિઓ : તા. ૨૦-૧૨-૨૧ બ્રહ્મભોજન ૨૦૦ પરિવાર ખાડિયા અમદાવાદ (લક્ષ્મીનારાયણદેવ મંદિર), દાજીપુરા (વિહાર ગેરિતા દેશ) મંદિર દ્વારા જનમંગલ પાઠ, અખંડ ધૂન, વૃક્ષારોપણ, સમૂહ મહાપૂજા આદિ સત્સંગ લક્ષી અને સામાજીક પ્રવૃત્તિઓ થઈ હતી.

તા. ૨૧-૧૨-૨૧ ૨૦૦ વૃધ્ધોને જીવન સંધ્યા વૃધ્ધાશ્રમમાં શિક્ષાપત્રી, માળા, કંઠી અને જીવન જરૂરી વસ્તુઓ. તા. ૨૫-૧૨-૨૦૨૧ ૨૦૦ અનાથોને ચોપડા, જીવન જરૂરી વસ્તુઓ, તા. ૨૭-૧૨-૨૧ ગાયોને ઘાસચારો, તા. ૨૮-૧૨-૨૧ (કેન્સર વોર્ડમાં) ૨૦૦ દર્દીઓને ફ્રૂટ વિતરણ અને નાના ચિલોડા સમૂહ મહાપૂજા. (મુકેશ ભગત)

### "પર્વ" મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) દ્વારા ગામોગામ થયેલ સભાઓ

(૧) ૨૮-૧૧-૨૧ મોટેરા ગામે રાત્રીય સભા શા.પી.પી. સ્વામી, શા. રામ સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી અને પા. મહેન્દ્ર ભગત આદિએ કથા વાર્તાનો લાભ આપેલ. (૨) ૨૯-૧૧-૨૧ જામફળી વાડી ખાતે ૪ કલાકની અખંડ મહામંત્ર ધૂન, શાકોત્સવ અને પ્રાસંગિક સભા. શા.પી.પી. સ્વામી, શા. રામ સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી અને દેવ સ્વામી એ સત્સંગ સભામાં કથાવાર્તા, ધૂન ભજન કીર્તન કર્યા હતા. (૩) ૩૦-૧૧-૨૧ ન્યુ રાણીપ ખાતે શા.પી.પી.

સ્વામી, સત્સંગભૂષણ સ્વામી અને નરનારાયણ સ્વામી દ્વારા સત્સંગ સભા થઈ હતી. (૪) ૪-૧૨-૨૧ બદપુરા ગામે પૂ. શા.પી.પી. સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામીએ સત્સંગ સભામાં કથાવાર્તા ધૂન-ભજન કીર્તન કર્યા હતા. (૫) ૫-૧૨-૨૧ ધમાસણા ગામે શા.પી.પી. સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી, ઘનશ્યામ સ્વામી અને અત્રે સેવાપૂજા કરતા જે.પી. સ્વામી વિશ્વવિહારી સ્વામીની ઉપસ્થિતિમાં હરિભક્તો દ્વારા ભવ્ય શાકોત્સવ અને સત્સંગ સભા થઈ હતી. (૬) ૧૦-૧૨-૨૧ વડુ શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ અને સત્સંગ સભા શા.પી.પી. સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામીની ઉપસ્થિતિમાં થઈ હતી. (૭) ૧૫-૧૨-૨૧ દેલવાડા ગામે શા.પી.પી. સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામીની ઉપસ્થિતિમાં શાકોત્સવ ઉજવાયો. (૮) ૧૭-૧૨-૨૧ બદપુરા ગામે શા.પી.પી. સ્વામી અને સંત મંડળ આદિએ સુંદર સત્સંગ સભા કરી ભવ્ય શાકોત્સવ અને શાકોત્સવના માહાત્મ્યની કથા કરી હતી. (૯) ૧૮-૧૨-૨૧ કુડાસણ (ગાંધીનગર) ખાતે શા.પી.પી. સ્વામી અને સંત મંડળે સત્સંગ સભામાં કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો.

(દેવ સ્વામી - ગાંધીનગર મંદિર પૂજારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી 'પર્વ' મહોત્સવના ઉપલક્ષમાં સદ્‌ગુરુ મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ઈશ્વરપુરા ગામને આંગણે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ૨૦૦ કલાકની ધૂનની સમાપ્તિ અને દિવ્ય શાકોત્સવ અને સત્સંગિજીવન અંતર્ગત શ્રી નારાયણ ગીતાની કથાનું રસપાન સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી( કોટેશ્વર)એ કરાવ્યું હતું અને શાકોત્સવના દિવસે ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને શાકોત્સવના શાકનો વધાર તેમના વરદ્ હસ્તે સંપન્ન થયો હતો અને સૌ હરિભકતોને આશીર્વચન આપી રસ તરબોળ કરી દીધા હતા. સમગ્ર મહોત્સવના યજમાન અ.નિ. શ્રી કાંતિભાઈ જીવાભાઈ ચૌધરી પરિવારે લાભ લીધો હતો. (પૂજારી સ્વામી દેવપ્રકાશદાસજી)

સેક્ટર-૨ ગાંધીનગર મંદિરનો ૨૨ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. જે અંતર્ગત ત્રિદિનાત્મક નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત કલ્યાણ નિર્ણયની કથાનું રસપાન શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ કરાવ્યું હતું અને ઠાકોરજીને સંપ્રદાયની પરંપરા મુજબ અભિષેક અન્નકોટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટ બનાવવાની સેવા ધર્મસ્વરૂપ સ્વામીએ ખૂબ સુંદર કરી હતી. પાટોત્સવના દિવસે પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. ત્યારબાદ સૌ હરિભક્તોને રૂડા આશીર્વચન આપ્યા હતા. (પૂજારી સ્વામી દેવપ્રકાશદાસજી - શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેક્ટર-૨)

અત્રે મંદિરમાં દર એકાદશીએ ધૂન અને મહિનાના પ્રથમ રવિવારે ધૂન અને સત્સંગ સભાનું આયોજન સ્વામી દેવપ્રકાશદાસજી અને શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે જે અંતર્ગત ત્રીજી સત્સંગ સભા તા. ૫-૧૨-૨૦૨૧ ના રોજ યોજવામાં આવી હતી અને તેમાં કલોલ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજીએ સત્સંગ કથા વાર્તાનો દિવ્ય લાભ આપ્યો હતો. સાથે સાથે સભામાં મથુરા મહંત વિશ્વપ્રકાશદાસજી સ્વામી પણ પધાર્યા હતા.

(તત્વમ પટેલ ઉનાવા)

**જેતલપુર-નારણપુરા મંદિરના સંતો દ્વારા 'પર્વ' મહોત્સવ નિમિત્તે ગામડાઓમાં સત્સંગ સભાઓ**

આગામી શ્રી નરનારાયણદેવના ૨૦૦ વર્ષના 'પર્વ' ના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુરધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની શુભ પ્રેરણાથી કપડવંજ વિસ્તારના ગામડાઓમાં શા. ધર્મનંદનદાસજી સ્વામી, ઘનશ્યામજીવનદાસજી સ્વામી, જગતપ્રકાશદાસજી સ્વામીએ વિચરણ કરી ઉત્સવની રૂપરેખા સમજાવી સૌને દિવ્ય અલૌકિક લાભ લેવા ખાસ ભલામણ કરી કથા-વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. (૧) ૨૭ તથા ૨૮-૯-૨૧ કઠલાલ ગામે સભા (૨) ૨૯ અને ૩૦-૯-૨૧ વડથલ ગામે સભા (૩) ૧-૧૦-૨૧ ડડુસર ગામે સભા (૪) ૨ અને ૩-૧૦-૨૧ નવા ગામે સભા (૫) ૪ અને ૫-૧૦-૨૧ આંત્રોલી ગામે સભા (૬) ૬-૧૦-૨૧ સિંગાલી ગામે સભા કરી હતી.

(મહંતશ્રી કે.પી. સ્વામી - જેતલપુરધામ)

**બાલવા ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ 'પર્વ' ના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા 'પર્વ'ના અધ્યક્ષ પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુર-નારણપુરા મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવા દ્વારા તા. ૧૩-૧૨-૨૧ થી ૧૯-૧૨-૨૧ પર્યન્ત પવિત્ર ધનુર્માસમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સ.ગુ. શા. સ્વામી અનુપમદાસજીના વક્તાપદે સંગીમય મધુરશૈલીમાં કથા સંપન્ન થઈ હતી. જેના મુખ્ય યજમાન પ.ભ. પ્રહલાદભાઈ ચૌધરી તથા દશરથભાઈ ચૌધરીએ લાભ લીધો હતો. ઘણા હરિભક્તોએ નાની મોટી સેવા કરી હતી. કથા પારાયણ દરમિયાન દરરોજ ધામોધામથી સંતોએ પધારી દર્શન-આશીર્વચન પાઠવ્યા હતા.

(કોઠારી ધર્મનંદન સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ (અમદાવાદ)નો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી 'પર્વ'ના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ (અમદાવાદ)નો વાર્ષિક પાટોત્સવ તા. ૨૦-૧૨-૨૧ના રોજ સૌ હરિભક્તોએ ભેગા મળી ઉજવ્યો હતો.

પાટોત્સવના યજમાન પ.ભ. બિરેનભાઈ જયંતીભાઈ પટેલ હ. જીનાંશ પટેલ (કોચરબ) રહ્યા હતા. ભૂદેવો દ્વારા મહાપૂજા અને સંતો દ્વારા ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આદિ થયા હતા. જેતલપુર, નારણપુરાના સંતોએ પધારી અમૃતવાણીનો લાભ આપ્યો હતો.

(કો. ધર્મનંદન સ્વામી - જેતલપુરધામ)

**ગામડી ગામે શાકોત્સવ તથા ૨૦૦ કલાકની ધૂન પૂર્ણાહુતિ તથા પદયાત્રા**

જેતલપુરધામ શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયામાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી ગામે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે બાથમાં લઈ પધરાવેલ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠાના ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ જવા રહ્યા છે ત્યારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પવિત્ર ઉપસ્થિતિમાં તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી 'પર્વ'ના ઉપલક્ષમાં તા. ૫-૧૨-૨૧ ના રોજ સમગ્ર ગામના હરિભક્તોએ અતિ ઉત્સાહભેર ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો.

આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારી દિવ્ય આશીર્વચન પાઠવ્યા હતા. તથા અમદાવાદ, જેતલપુર, કાંકરિયા, નારણપુરા વગેરે ધામોધામથી સંતોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે અ.નિ. છોટાભાઈ શિવાભાઈ પટેલ, રશ્મિભાઈ છોટાભાઈ પટેલ હ. લવ રશ્મિભાઈ પટેલે યજમાન બની અદ્‌ભુત લાભ લીધો હતો. ત્યારબાદ તા. ૧૨-૧૨-૨૧ ના રોજ ગામડી ગામના બહેનોએ ૨૦૦ કલાકની ધૂન પૂર્ણ કરી તે નિમિત્તે તેઓનું સન્માન કરી સત્સંગ સભાનું આયોજન કર્યું હતું.

તા. ૨૬-૧૨-૨૧ ના રોજ ગામડી ગામથી કાંકરિયા થઈ અમદાવાદ કાલુપુર મંદિર સુધી સમસ્ત સત્સંગી ભાઈઓ-બહેનોએ પદયાત્રા કરી હતી. જેમાં જેતલપુર મંદિરના મહંત સ્વામી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વામી સ.ગુ.બ્ર. વાસુદેવાનંદજી આદિક સંતો પણ જોડાયા હતા.

(કો. ધર્મનંદન સ્વામી - જેતલપુરધામ)

**''પર્વ''ના ઉપલક્ષમાં ટ્રેન્ટ સીતાપુર દેશના ગામોની શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુર-નારણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં ટ્રેન્ટ, સીતાપુર, કાલીયાણા, ધાકડી, ડેડીયાસણ, ડુમાણા, માલનપુર, વિરમગામ, માંડલ, નાના ઉભડા, મોટા ઉભડા, નવરંગપુરા, જરવલા, પાટડી, શેર, બામણવા આદિ ગામોના ૩૨૫ ભાઈઓ બહેનો હરિભક્તો અને જેતલપુર, નારણપુરા મંદિરના સંત મંડળ સાથે તા. ૨૩-૧૨-૨૧ એ વિરમગામથી પ્રયાણ કરી તા. ૨૫-૧૨-૨૧ ના કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવના દર્શન કરી પદયાત્રા પૂર્ણ થઈ હતી.

(શા. ધર્મનંદનદાસજી સ્વામી - જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર દ્વારા પર્વના ઉપલક્ષમાં પ્રવૃતિઓ અને પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા થયેલ વિવિધ પ્રવૃતિઓ તા. ૨૩-૯-૨૧, અખંડ ધુન, શ્રી નરનારાયણ અષ્ટકનો સમૂહ પાઠ, જનમંગલ પાઠ, તા. ૩-૧૧-૨૧ મારુતિ યજ્ઞ, તા. ૧૫-૧૧-૨૧ પ્રબોધિની એકાદશીના એકાદશી ઉદ્યાપન, હિંમતનગર અને આજુબાજુના ગામોમાં મહામંત્ર ધૂનનું આયોજન અત્રે મંદિરમાં દર મંગળવારે સભા થાય છે. જેમાં સૌએ પર્વના ઉપલક્ષમાં નિયમો ધારણ કર્યા હતા.

ભરતખંડના રાજા શ્રી નરનારાયણદેવ જેમને સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે બાથમાં લઈને પધરાવ્યા છે. જેના ૨૦૦ વર્ષ નિમિત્તે 'પર્વ'ના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા 'પર્વ'ના અધ્યક્ષ પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર શ્રી ઘનશ્યામ મહારાજનો ૩૨ મો વાર્ષિક પાટોત્સવ ૧૦૧ કિલો ફૂલથી ઘનશ્યામ મહારાજ ઉપર પુષ્પાભિષેક કરવામાં આવ્યો હતો. તા. ૧૨-૧૨-૨૦૨૧ રવિવારના રોજ ધામધૂમથી ઉજવાયો.

આ પાટોત્સવ પ્રસંગે તા. ૯-૧૨-૨૧ થી તા. ૧૧-૧૨-૨૧ સુધી વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ''વચનવિધિ'' ગ્રંથની કથા પારાયણનું આયોજન કરવામાં આવેલ. જેના વક્તાપદે શા. ધર્મનંદનદાસજી સ્વામી (જેતલપુરધામ)એ બિરાજી સુંદર કથાવાર્તાનો લાભ આપ્યો

હતો. જેના યજમાનપદે પ.ભ. અમૃતભાઈ સાંકાભાઈ પટેલ પરિવારે (સાંચોદરવાળા) લાભ લીધો હતો.

તા. ૧૨-૧૨-૨૧ ના રોજ સવારે મહાપૂજા, અભિષેક, આરતી, અન્નકૂટ, સત્સંગ સભા તેમજ ભોજનપ્રસાદ આદિક કાર્યક્રમો થયા હતા. આ કથા પ્રસંગ દરમિયાન જેતલપુરધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, કાંકરિયા મંદિરના મહંત સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજી, વાલી મંદિરથી કોઠારી સ.ગુ. સ્વામી હરિપ્રસાદદાસજી તેમજ અમદાવાદ, બાવળા, ટોરડા, વડનગર, ભાત, લાલોડા, સાપાવાડા, પ્રાંતિજ આદિક ધામોધામથી સંતોએ પધારી દર્શન-આશીર્વચન પાઠવ્યા હતા. પાટોત્સવમાં ઘનશ્યામ મહિલા મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજી - હિંમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મરતોલી પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન કથાકાર સંત પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મરતોલીનો ૩૦ મો પાટોત્સવ તા. ૧-૧૨-૨૧ ના રોજ સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન શ્રી રાકેશકુમાર સોમાભાઈ પટેલ પરિવાર રહ્યાં હતા. આ પ્રસંગે મહાપૂજા અને ઠાકોરજીને અન્નકૂટ, પ્રાસંગિક સભા આદિ થયા હતા. આ પ્રસંગે ધોળકા મંદિરથી મહંત સ્વામી સત્યસંકલ્પદાસજી, સ્વા. રામપ્રકાશદાસજી અને એપ્રોચ મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી વાસુદેવચરણદાસજીએ પધારી સૌને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. (સમસ્ત સત્સંગ સમાજ વતી કોઠારી મણીભાઈ - મરતોલી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા ૪ થો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કોટા)ની પ્રેરણાથી અને સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી અને સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી અને ધમાસણા ગામ સમસ્તના સુંદર આયોજનથી સ.ગુ. ગુરુચરણરતાનંદ સ્વામીના જન્મ સ્થાન અને અ.નિ. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી દ્વારા સત્સંગનું પોષણ પામેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણાનો ૪ થો પાટોત્સવ તા. ૫-૧૨-૨૧ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે તા. ૧-૧૨-૨૧ થી તા. ૫-૧૨-૨૧ પર્યન્ત સ.ગુ. શા. સ્વામી વિશ્વવિહારીદાસજીના વક્તાપદે ધીરજાખ્યાનની પંચાન્હ પારાયણ થઈ હતી. કથા દરમ્યાન સંહિતા પાઠના વક્તા પદે સ.ગુ. સ્વા. ભાનુપ્રકાશદાસજી બિરાજ્યા હતા. ધર્માદા મહિમાની કથા સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજીએ સુંદર રીતે કરી હતી. સમગ્ર પ્રસંગ દરમ્યાન સભા સંચાલન શા. સ્વા. ગોપાલજીવનદાસજી અને મહંત શા. દિવ્યપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને આ પ્રસંગે દરેક પ્રસંગમાં ભાવિક ભક્તોએ યજમાન બની મહાલાભ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી.

(કોઠારીશ્રી ધમાસણા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**ખેરાળી ગામે ''પર્વ''ના ઉપલક્ષમાં કથા પારાયણ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરાળી ખાતે મૂળી મંદિરના વયોવૃધ્ધ જ્ઞાનવૃધ્ધ સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજી અને તેમના સંત મંડળની પ્રેરણાથી તા. ૬-૧૦-૨૧ થી તા. ૧૦-૧૦-૨૧ દરમ્યાન શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. સ્વામી સત્સંગસાગરદાસજીના વક્તા પદે થઈ હતી. ગામના તમામ ભક્તોએ કથા શ્રવણનો અલૌકિક લાભ લીધો હતો. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ્વામી નિત્યપ્રકાશદાસજીએ કર્યું હતું. આ પ્રસંગે મૂળી, સુરેન્દ્રનગર આદિ ધામોથી સંતો પધાર્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**પ્રસાદીભુત મેમકા ગામે કથા પારાયણ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મૂળીધામના વયોવૃધ્ધ જ્ઞાનવૃધ્ધ પૂ. સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજી તથા તેમના સંત મંડળની પ્રેરણાથી પ્રસાદીના મેમકા ગામે તા. ૧૬-૧૧-૨૧ થી તા. ૨૦-૧૧-૨૧ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ સ.ગુ. સ્વામી સત્સંગસાગરદાસજીના વક્તાપદે થઈ હતી. જેનો લાભ હજારો હરિભક્તોએ લીધો હતો. આ પ્રસંગે મૂળી, સુરેન્દ્રનગર આદિ ધામોથી સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ્વામી નિત્યપ્રકાશદાસજીએ કર્યું હતું. સમગ્ર આયોજન સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી મેમકા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ વતી શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર ૧૬ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર

ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજી તથા સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજીની પ્રેરણાથી તથા અત્રે મંદિરના મહંત શા. સ્વા. બ્રહ્મવિહારીદાસજીના માર્ગદર્શનથી સુરેન્દ્રનગર મંદિરમાં બિરાજમાન દેવોનો ૧૯ મો વાર્ષિક પાટોત્સવ તેમજ બાઈઓના મંદિરનો બીજો પુનઃ પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૫-૧૧-૨૧ થી તા. ૨૧-૧૧-૨૧ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ. શા. સ્વા. ત્યાગવલ્લભદાસજી તથા સ.ગુ. સ્વા. સત્સંગસાગરદાસજીના વક્તાપદે થઈ હતી. પાટોત્સવ એવમ્ પારાયણના મુખ્ય યજમાન પ.ભ. કાનજીભાઈ છગનભાઈ ગઢીયા (મેથાણવાળા) પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે શ્રીહરિયાગ, ઠાકોરજીનો મહાભિષેક, અન્નકૂટ, તુલસી વિવાહ, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમો સુંદર રીતે થયા હતા. ધામોધામથી સંતો-સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા. સભા સંચાલન કોઠારી સ્વા. રાધારમણદાસજીએ સંભાળ્યું હતું. અન્ય સેવામાં મહંત શા. સ્વા. સત્યપ્રકાશદાસજી (અંજલી), ધર્મપ્રકાશ સ્વામી, મુક્તજીવન સ્વામી આદિ સંતો રહ્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે પણ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**પ્રસાદીભૂત મેથાણ ગામે કથા પારાયણ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા મૂળીના વયોવૃધ્ધ સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજી તથા તેમના સંત મંડળની પ્રેરણાથી આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રીહરિ પ્રસાદીભૂત મેથાણ ગામે તા. ૨૩-૧૧-૨૧ થી તા. ૨૭-૧૧-૨૧ પર્યંત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ. સ્વા. સત્સંગસાગરદાસજીના વક્તાપદે થઈ હતી. સાથે અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૦ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. સભા સંચાલન સ્વામી નિત્યપ્રકાશદાસે શોભાવ્યું હતું. આ પ્રસંગે ધામોધામથી સંતોએ પધારી અમૃતવાણીનો લાભ આપ્યો હતો. સમગ્ર આયોજન સ.ગુ. સ્વા. કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી મેથાણ સત્સંગ સમાજ દ્વારા થયું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**ઘનશ્યામનગર (તા. હળવદ) ગામે કથા પારાયણ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મૂળીધામના વયોવૃધ્ધ સ્વામી પ્રેમજીવનદાસજી અને તેમના શિષ્ય મંડળની પ્રેરણાથી હળવદ તાલુકાના ઘનશ્યામનગર ગામે આપણા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૧-૧૨-૨૧ થી તા. ૫-૧૨-૨૧ પર્યંત શ્રીમદ્ સત્સંગિભૂષણ મહાગ્રંથની પંચાન્હ પારાયણ સ.ગુ. સ્વામી સત્સંગસાગરદાસજીના વક્તાપદે થઈ હતી. સભા સંચાલન સ્વામી નિત્યપ્રકાશદાસજીએ કર્યું હતું. સમગ્ર આયોજન સ.ગુ. સ્વા. કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી ગામના સર્વે હરિભક્તોએ કર્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - શૈલેન્દ્રસિંહ ઝાલા)

**ભરાડા (તા. ધ્રાંગધ્રા) શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાતવિધિ**

મૂળીધામમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી ભરાડા ગામે બહેનોના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાત વિધિ તા. ૧૨-૧૨-૨૧ રવિવાર ના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં પૂજ્ય શ્રીરાજાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ધામોધામથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. અત્રે જેમના ઘેર મંદિર છે તે વસંતબેન અને સમગ્ર બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધ્રાંગધ્રા મંદિરના સાંખ્યયોગી કંચનબા આદિ બાઈઓએ તેમજ અત્રેના કોઠારી ભીખાભાઈ, ચમનભાઈ, પ્રવિણભાઈ, નટવરભાઈ આદિ ભક્તોએ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. મૂળીના મહંત સ.ગુ. સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણાથી સૌ હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. અત્રે શાકોત્સવ પણ અલૌકિકતાથી ઉજવાયો.

(અનિલભાઈ - ધ્રાંગધ્રા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે શિકાગો મંદિરના મહંત શા. સ્વા. ભક્તિનંદનદાસજી તથા બ્ર. પૂજારી સ્વા. કૃષ્ણપ્રિયાનંદજીના સુંદર માર્ગદર્શનથી અહીંયા આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નો ૪૯ મો પ્રાકટ્યોત્સવ, કાળી ચૌદશ, શ્રી હનુમાનજીનું પૂજન અર્ચન, અન્નકૂટોત્સવ, તુલસી વિવાહ, સુંદરકાંડની પંચદિનાત્મક કથા મહંત સ્વામીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન શ્રી કમલેશભાઈ શાહ, શ્રી વિનીત મહેતા, વર્ષાબેન ગદાણી રહ્યા હતા. પ્રમુખશ્રી જગદીશભાઈ પટેલે આભારવિધિ કરી સૌની સેવાને બિરદાવી હતી. દરેક ઉત્સવમાં નાની મોટી સેવાના યજમાન બની હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. તુલસી વિવાહમાં પણ વરપક્ષ, કન્યા પક્ષ અને મોસાળ પક્ષમાં યજમાન બની હરિભક્તોએ લાભ લીધો હતો. મહંત સ્વામી અને બ્ર. કે.પી. સ્વામીની પ્રેરણાથી યુવક મંડળ, કિચન કમિટી આદિએ પ્રેરણાત્મક સેવા કરી હતી. (વસંત ત્રિવેદી - શિકાગો)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**કારતક સુદ-૧/૨** પ.ભ. વત્સલ તથા જીષા તથા આષ્ઠા (ડાંગરવા), પ.ભ. કિરીટ ત્રિભોવનદાસ (ન્યુ રાણીપ), પ.ભ. કુંવરજીભાઈ હરજીભાઈ પરમાર (જામસર), પ.ભ. સોની કૃષ્ણકાંત કાંતિલાલ (સાણંદ), અ.નિ. પાનાચંદ ભુરાભાઈ શાહ (અમદાવાદ). **કારતક સુદ-૩** વાળંદ જસવંતભાઈ અંબાલાલ (અમદાવાદ), પ.ભ. પેથાણી કીર્તન નલીનભાઈ, પ.ભ. ચંદ્રિકાબેન નરેશભાઈ મહેતા (અમદાવાદ), પ.ભ. જીતુભાઈ ક્યાડા (અમદાવાદ). **કારતક સુદ-૪** પ.ભ. રવજી મૂળજી પટેલ (બળદીયા-કચ્છ) **કારતક સુદ-૫** પ.ભ. ચૌધરી અક્ષર તથા જાહન્વી તથા સમરી કૌશિકકુમાર (શિકાગો), પ.ભ. દર્શન દિનેશભાઈ ઠાકર (ધનબાદ), પ.ભ. શંકરભાઈ ભાઈલાલભાઈ (સરખેજ), પ.ભ. હર્ષ પિયુષભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સહજ, હરિ, નિલ (અમદાવાદ). **કારતક સુદ-૬/૭** અ.નિ. જયંતીભાઈ સી. ઝવેરી (અમદાવાદ), અ.નિ. સુરેશભાઈ ગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. પ્રેમજી રૂડા ડબાસીયા (માધાપર-કચ્છ). **કારતક સુદ-૮** પ.ભ. પ્રેમજી શિવજી ભંડેરી (કચ્છ), પ.ભ. વાલજી નારણ મૂળજી (સુખપર-કચ્છ), એક હરિભક્ત, પ.ભ. પટેલ અશોકભાઈ ભોળીદાસભાઈ (વડુ). **કારતક સુદ-૯** પ.ભ. લક્ષ્મણ શિવજી હિરાણી (સુખપર-કચ્છ), પ.ભ. રમેશભાઈ મોરડીયા (નિંગાળા). **કારતક સુદ-૧૦** પ.ભ. મિતુલભાઈ ઘનશ્યામભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પ્રવિણભાઈ રણછોડભાઈ ચાવડા (બેંગ્લોર), અ.નિ. અરવિંદભાઈ હિરાભાઈ પટેલ (ભરૂચ), અ.નિ. કાંતાબેન નારણભાઈ પોકાર (દયાપર-કચ્છ). **કારતક સુદ-૧૧** પ.ભ. ઈન્દ્રવદન રતીભાઈ મગનભાઈ પટેલ (દેવપરા), અ.નિ. ચૌધરી અનરબેન સાંકાભાઈ (માણેકપુર), પ.ભ. ઢબેલભાઈ કુબેરલાલ મોદી (વડનગર), પ.ભ. લક્ષ્મણભાઈ પોપટભાઈ વાગડીયા (નિકોલ), પ.ભ. સીમાબેન નિરજભાઈ રાસ (ભુજ-કચ્છ), પ.ભ. ભરતભાઈ રતિલાલ શાહ (અમેરિકા). **કારતક સુદ-૧૨** અ.નિ. આશિષ ભીખાભાઈ ભાવસાર, હરિૐ પરિવાર (સરસપુર), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ગાંધીનગર), પ.ભ. પટેલ કિયાન, ધર્મ, બિન્દેશ (ગાંધીનગર), પ.ભ. નંદુભાઈ ડાહ્યાભાઈ (ઝુંડાલ), પ.ભ. સુશીલાબેન તથા ઈલાબેન કિલ્પાબેન (અમદાવાદ), પ.ભ. રાજેશભાઈ નારણદાસ પટેલ (અમદાવાદ), અ.નિ. મંજુલાબેન હરજી કેરાઈ (ભારાપર-કચ્છ), પ.ભ. કાંતિભાઈ વેલજી ભંડેરી (રામપર-કચ્છ). **કારતક સુદ-૧૨** ગં.સ્વ. શાંતાબા વિરાભાઈ ભીકડીયા (સુરત), પ.ભ. શ્રેયા હર્ષ પટેલ (અમદાવાદ), પ.ભ. સંજયભાઈ પુનાવાળા (મુંબઈ), પ.ભ. જયંતીભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ), લીલાબેન છોટાભાઈ પટેલ (બોપલ), અ.નિ. ભરતભાઈ લાલભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. સાં. ઝવરબા (વાવોલ), પ.ભ. ભુડીયા કેસરાભાઈ કરશનભાઈ (ફોટડી-કચ્છ), અ.નિ. ઈજુબેન માવજીભાઈ ચૌધરી, પ.ભ. ક્રિનાબેન ઘનશ્યામભાઈ રેવાભાઈ પટેલ (અમદાવાદ). **કારતક સુદ-૧૩** પ.ભ. ગોવિંદ ખીમજી પિંડોરીયા (નારણપર-કચ્છ), પ.ભ. રામજી વાઘજી વરસાણી (સુખપર-કચ્છ), અ.નિ. મહાદેવભાઈ રામદાસભાઈ પટેલ (બામણવા). **કારતક સુદ-૧૪** પ.ભ. ઠક્કર જયંતીલાલ કાનજીભાઈ (બાવળા), પ.ભ. પટેલ કમળાબેન લાલભાઈ (વાવોલ), અ.નિ. રામજીભાઈ કલ્યાણભાઈ (ખોપાળા). **કારતક સુદ-૧૫** પ.ભ. સાકરબેન કેશવલાલ પટેલ (ઉનાવા), અ.નિ. આશિષ ભીખાભાઈ ભાવસાર (સરસપુર), સ.ગુ. શ્રીજી સ્વામી (નિકોલ મંદિર), અ.નિ. મેઘબાઈ કાનજી વરસાણી (માનકુવા-કચ્છ).

**કારતક વદ-૧** પ.ભ. માનસીબેન તથા દર્શનભાઈના લગ્ન પ્રસંગે. **કારતક વદ-૨** અ.નિ. અંબાબેન ભોગીલાલ (રાજપુર), પ.ભ. કેતનભાઈ કિશોરભાઈ આચાર્ય (અમદાવાદ), પ.ભ. વિનય વ્રજેશ ભાવસાર (અમદાવાદ), પ.ભ. ચંદ્રકાંત ધિરજલાલ મહેતાલીયા (મુંબઈ), અ.નિ. સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજી (એસ.જી.વી.પી.), પ.ભ. માયાબેન દિપકભાઈ મહેતા (અમદાવાદ). **કારતક વદ-૩** અ.નિ. દેવિકાબેન બટુકરાય દવે (અમદાવાદ). **કારતક વદ-૪** પ.ભ. જસુબેન નારણભાઈ કાનજી રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. અશ્વિનભાઈ નટવરભાઈ પટેલ (ઈટાદરા). **કારતક વદ-૫** પૂ. બિન્દુરાજા (પૂ. નિહારીકાકુંવરબા દ્વિવેદી) (અમદાવાદ), અ.નિ. ઘનશ્યામભાઈ રામદાસ પટેલ (વાસણા), પ.ભ. મૂળજીભાઈ આણંદભાઈ મકવાણા. **કારતક વદ-૬** પટેલ લાલજીભાઈ મગનદાસ (સઈજ), પ.ભ. ઈશ્વરભાઈ કુંવરજીભાઈ ધનજીભાઈ જાદવાણી (સુરત). **કારતક વદ-૭** પ.ભ. મહેન્દ્રભાઈ શાહ (અમદાવાદ), પ.ભ. રાકેશભાઈ અંબાલાલ પટેલ (અમદાવાદ). **કારતક વદ-૮** પ.ભ. આતિશ મનોજકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. નિશાબેન મનોજભાઈ રૈયાણી (અમદાવાદ), **કારતક વદ-૯** પ.ભ. ગોરધનભાઈ વાલજીભાઈ સીતાપરા (અમદાવાદ), પ.ભ. રમણીકલાલ ડી. પટેલ (મહેસાણા), પ.ભ. પ્રવિણભાઈ ડી. પટેલ (મહેસાણા), અ.નિ. રામજીભાઈ ધનજીભાઈ ટુંડીયા (અમદાવાદ), પ.ભ. અરવિંદભાઈ નારણદાસ (અમદાવાદ), પ.ભ. મયુરભાઈ જસવંતલાલ ભાવસાર (અમદાવાદ), પ.ભ. ભરતભાઈ કાંતિલાલ પરમાર (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ શંભુભાઈ પટેલ (બાપુનગર), પ.ભ. લક્ષ્મણભાઈ બળદેવભઈ વિહારીયા (અમદાવાદ). **કારતક વદ-૧૦** અ.નિ. ચંદ્રકાંતભઈ કેશવલાલ મહેતા (અમદાવાદ), પ.ભ. પટેલ મનીષાબેન કેતનભાઈ (ન્યુ રાણીપ), પ.ભ. અમિબેન મુકેશભાઈ (આણંદ), અ.નિ. ભારતીબેન રવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જાન્વી, પ્રિયાની, હિનાની જયેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પૂર્ણિમાબેન કનુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રૂખીબેન ગિરધરલાલ પટેલ (સલાલ). **કારતક વદ-૧૧** પ.ભ. મીસ્ત્રી જગદીશભાઈ જસુભાઈ (કણભા), ગોપીનાથજી મહારાજ મંડળ (સરસપુર). **કારતક વદ-૧૨** પ.ભ. કનુભાઈ કરશનદાસ પટેલ (ઈટાદરા), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. ચૌધરી રાજુભાઈ વેલજીભાઈ (બાલવા), પ.ભ. બાબુભાઈ વનમાળીદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. કમળશીભાઈ રવજીભઈ પાનસુરીયા (ગાંધીનગર), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ધર્મ, બિંદેશ પટેલ તથા કિયાન બિન્દેશ પટેલ (ગાંધીનગર). **કારતક વદ-૧૩** અ.નિ. રમેશ ભગત ગુરુ સ.ગુ. સ્વામી જ્ઞાનજીવનદાસજી (કુંડળ), અ.નિ. પ્રેમજીભાઈ મેઘજીભાઈ ખેતાણી સુખપર-કચ્છ). **કારતક વદ-૧૪** અ.નિ. ઘનશ્યામભાઈ ગણેશભાઈ ભુવા (હરિપર), પ.ભ. લીલાનંદ ભાવસાર (પોરબંદર). **કારતક વદ-૩૦** શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ (અમદાવાદ), અ.નિ. મણીબેન નાનજીભાઈ ગોગાણી (ચિખલી)

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



વાવી (રાજસ્થાન)માં શાકોત્સવ કરતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી



ભરાડા (ઝાલાવાડ) બહેનોના મંદિરનું ખાત મુહૂર્ત કરતાં પ.પૂ.શ્રી રાજાશ્રી



ગાંધીનગર સેક્ટર -૨ના પાટોત્સવ પ્રસંગે આશીર્વચન પાઠવતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી



ડાંગરવા માં પર્વ નિમિત્તે સમૂહ પૂજન તથા શાકોત્સવ પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા હરિભક્તો.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSD on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023





પર્વ ના ઉપલક્ષમાં વિહારમાં પ્રભાતફેરી


પર્વ ના ઉપલક્ષમાં વિરમગામથી કાલુપુર પદયાત્રા


પર્વ ના ઉપલક્ષમાં બાપુનગરમાં શાકોત્સવની સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વિશાળ સંખ્યામાં હરિભક્તો


શેર ગામે ૨૦૦ બાય ૨૦૦ ફૂટના ખેતરમાં ઘઉં ના પાક થી બનાવેલ પર્વનો લોગો


કેંટકી (અમેરિકા)માં આવેલ ટોરનેડોમાં અસરગ્રસ્તોને આપણા આઈ.એસ.એસ.ઓ દ્વારા સહાય પહોંચાડાઈ હતી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.
http://www.swaminarayan.in/donation

Prafull Kharsani